ક્રમાંક : જીઆઈડીસી/ઓએન્ડએમ/
સીઆઈઆર/ વિતરણ/પોલીસી/૬૪/ ૬૩
જીઆઈડીસી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
તા.૨૧/૦૪/૨૦૧૨.

// પરિપત્ર //

વિષય: અનઅધિકૃત મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવરને નિયમિત કરવા બાબત.
સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/વિતરણ/ પોલીસી/ ૬૪/૩૧, તા. ૧૦/૦૯/૨૦૦૭.
(૨) પરિપત્ર ક્રમાંક : જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/વિતરણ/ પોલીસી/ ૬૪/૫૦, તા. ૦૯/૧૨/૨૦૦૯.

નિગમની તમામ ઔદ્યોગિક વસાહતોમાં મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન માટે પેટાભાડે આપવા બાબતની નીતિ સંદર્ભિત પરિપત્ર ક્રમાંક (૧) થી પરિપત્રિત કરવામાં આવેલ. નિગમ દ્વારા સદર નીતિ મુજબ ૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદામાં આવી પરવાનગી આપવાની નીતિ અમલમાં હતી. મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશનને સંલગ્ન આનુસાંગિક સુવિધાઓ માટે પણ જમીનની જરૂરિયાત રહેતી હોઈ, ૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદા વધારીને ૨૫૦ ચો.મી. ની મર્યાદામાં સબલેટીંગની મંજૂરી આપવા મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન કરતી કંપનીઓની રજૂઆતને લક્ષમાં લઈ નિગમની ૪૪૫ મી સભા સમક્ષ કાર્યસુચિ ક્રમાંક : ૨૬/વિતરણ/૪૪૫ સાદર કરવામાં આવેલ. જેના ઠરાવ ક્રમાંક : ૧૪૭/વિતરણ/૪૪૫/૦૯ થી નિગમની વસાહતોમાં મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન માટે પેટાભાડે (સબલેટીંગ) ની ૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદા વધારીને ૨૫૦ ચો.મી. વિસ્તારની મર્યાદા કરવામાં આવેલ છે.

અગાઉ તા. ૩૧/૦૩/૨૦૧૦ પહેલા પરવાનગી વગર ઈન્સ્ટોલ કરવામાં આવેલ ટાવરોને નિયમિત કરવા માટે કોઈ અડચણ ન હોય, એટલે કે તેમનું બાંધકામ નોન-વાયોલેટીવ પ્રકારનું હોય, તો વિકસિત વસાહતમાં દંડ પેટેની પ્રતિ ટાવર દીઠ રૂ. ૫૦,૦૦૦/- તથા સામાન્ય વસાહતમાં પ્રતિ ટાવર દીઠના રૂ. ૨૫,૦૦૦/- કંપનીએ તાત્કાલિક ભરપાઈ કરવાની શરતે નિયમિત કરવાની નીતિ સંદર્ભ દર્શિત પરિપત્ર ક્રમાંક (૨) થી જારી કરવામાં આવેલ.

જેનો લાભ ઘણી મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન કંપનીઓ સમય મર્યાદામાં લઈ શકેલ નથી. તેમજ મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઈન્સ્ટોલેશન કરતી કંપનીઓ તરફથી તથા નિગમના ફાળવણીદાર તરફથી બિનઅધિકૃત રીતે ઈન્સ્ટોલ કરવામાં આવેલ ટાવર માટે નિયમિત કરવાની વારંવાર દરખાસ્ત નિગમને મળતી હોવાના કારણે નિગમની ૪૬૩ મી સભામાં બિનઅધિકૃત રીતે ઈન્સ્ટોલ કરવામાં આવેલ મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવરને નિયમિત કરવા સારૂ કાર્યસૂચિ રજૂ

:: પાછળ ::

કરવામાં આવેલ અને તેના ઉપર નિગમની સભા ધ્વારા ઠરાવ ક્રમાંક : ૨૨/વિતરણ/ ૪૬૩/૨૦૧૨ થી પસાર કરવામાં આવેલ ઠરાવ મુજબ તા. ૩૧/૧૨/૨૦૧૧ સુધી અનઅધિકૃત રીતે જે ફાળવણીદારોએ પોતાની મિલકત ઉપર અનઅધિકૃત રીતે મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ઉભા કરેલ છે તેવા ફાળવણીદારો પાસેથી આવા અનઅધિકૃત રીતે બંધાયેલ ટાવરોને મંજૂરી માટેની અરજીઓ મેળવવાની રહેશે તેમજ બાંધકામ અંગે ક્ષેત્રિય કચેરીના ઈજનેરી વિભાગના અહેવાલ સાથે આવી તમામ અરજીઓ મંજૂરી અર્થે વડી કચેરીએ મોકલી આપવાની રહેશે.

આવા અનઅધિકૃત રીતે ઉભા કરાયેલ મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર દીઠ નિયમિત રીતે લેવાની થતી ફી ઉપરાંત રૂ. ૩,૦૦,૦૦૦/- (રૂપિયા ત્રણ લાખ) દંડ પેટે વસૂલવાના રહેશે.

અનઅધિકૃત રીતે ઉભા કરાયેલ મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવરોને મંજૂરી આપવાની પ્રક્રિયા તા. ૩૦/૦૯/૨૦૧૨ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે. જે મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર ધારકો ધ્વારા આ યોજનાનો લાભ નિયત સમયમાં લેવામાં નહીં આવે તો તેઓ સામે તા. ૩૦/૦૯/૨૦૧૨ પછી કાયદાકીય રીતે કડક પગલાં ભરવાની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

ઉભા કરવામાં આવેલ ટાવરોના ઈન્સ્ટોલેશન ચાર્જ અને પ્રશ્ચાતવર્તી પેટાભાડાની રકમ ભરપાઈ કરી તા. ૩૦/૦૯/૨૦૧૨ પહેલા નિયમિત કરાવવાના રહેશે.

ઉપરાંત હવે પછી આવા ટાવરો ઉભી કરવા કંપનીએ નિગમની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. તે અંગેનું રૂ. ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર સંદર્ભ દર્શિત પરિપત્ર (૧) માં દર્શાવ્યા પ્રમાણે બાંહેધરીખત લેવાનું રહેશે.

સંદર્ભિત પરિપત્ર તેમજ ઉપરોક્ત સૂચનાનું પાલન થતું હોય, તેવા કિસ્સામાં મોબાઈલ ટેલીકોમ્યુનીકેશન ટાવર સ્થાપવા/ ઉભા કરવા માટેની પરવાનગી આપવાની સત્તા ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી હસ્તક રહેશે. આ સિવાયની અગાઉની તમામ સૂચનાઓ યથાવત્ રહે છે. તેની સર્વે વિતરણ અધિકારીઓએ નોંધ લેવી.

ઉપરોક્ત સૂચનાની નિગમના તમામ વિતરણ અધિકારીઓએ નોંધ લેવી અને તેનો અમલ કરવો અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી/ જનરલ મેનેજરશ્રી (વિતરણ) ને પાઠવવી.

સહી/–

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.
નકલ જય ભારત સાથે રવાના :
⇒ પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ.....તરફ જાણ સારૂં.
⇒ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળોના પ્રમુખશ્રીઓ....... તરફ જાણ સારૂં.
⇒ નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂં.

રવાના કર્યુ

જનરલ મેનેજર(ઈએન્ડએ)